# ૨.૬ મેરૂપર્વત

સર્વજ્ઞના જ્ઞાનમાં વિરાટ વિશ્વનું દર્શન થાય છે. તેમાં તિર્ચ્છાલોક એક રાજલોકનો લાંબો અને પહોળો છે. તેની ઊંચાઈ ૧૮૦૦ યોજન છે. તેમાં આપણે જંબૂદ્વીપનું વર્ણન જોઈ ગયા હવે તિર્ચ્છાલોક ૧૮૦૦ યોજનનો છે તેની ઊંચાઈ છે તેમાં ૯૦૦ યોજનતો સમભૂમિથી નીચેના ભાગમાં છે. અને ૯૦૦યોજન સમભૂમિની ઉપર આવેલ છે. આ ૯૦૦ યોજનનાં છેલ્લા ૧૧૦ યોજનમાં જ્યોતિષ ચક્ર છે. જેમાં જ્યોતિષી દેવો રહે છે. તે જ્યોતિષી દેવોના વિમાનો મેરૂ ફરતી પ્રદક્ષિણા કરે છે. તેના કરાણે અઢીદ્વીપમાં દીવસ – રાત્રિ – માસ – અયન – ઋતુ વગેરે કાળની વ્યવસ્થા થયેલ છે. તેથી મેરૂ પર્વતના સ્વરૂપને જોઈએ

પૂર્વ મહાવિદેહ અને પશ્ચિમ મહાવિદેહની મધ્યમાં દેવકુરુથી ઉત્તરમાં ઉત્તર કુરુથી દક્ષિણમાં જંબૂદ્વીપની બરાબર મધ્યભાગમાં મેરૂપર્વત આવેલ છે. મેરૂપર્વત મલ સ્થંભના આકારે ઊંચો છે. નીચેથી પહોળો અને ઉપર જતાં અનુક્રમે સાંકડો થતો જાય છે. મેરુપર્વતની ઊંચાઈ ૧ લાખ યોજનની છે. તેમાંથી ૧૦૦૦ યોજન પૃથ્વીમાં છે. ૯૯૦૦૦ યોજન પૃથ્વીની ઉપર છે. પૃથ્વીના અંદરના મૂળમાં ૧૦૦૯૦–૧૦/૧૧ યોજન પહોળો છે અને સમતલ પૃથ્વી ઉપર ૧૦,૦૦૦ યોજન પહોળો છે. ક્રમશઃ ઘટતાં ઘટતાં શિખર સ્થાને મેરુ પર્વતનો વિસ્તાર ૧,૦૦૦ યોજન છે. તેના ઉપર ચૂલિકા છે. આ રીતે મૂલમાં વિસ્તૃત, મધ્યમાં સંક્ષિપ્ત– ઉપર પાતળો ગોપુચ્છના આકાર સમાન છે. તે સારોયે પર્વત સર્વરત્નમય સ્વચ્છ છે અને તે ચારે તરફથી એક પદ્મવર વેદિકા તથા વનખંડથી ઘેરાયેલ છે.

મેરૂપર્વત ચૂલિકા બાદ કરતાં ત્રણ ભાગમાં વિભાજિત છે. જેને કાંડ કહેવાય છે. તે ત્રણ કાંડ આ પ્રમાણે છે. (૧) પ્રથમ કાંડ – અધસ્તનકાંડ (૨) મધ્યકાંડ (૩) ઉપરિતન કાંડ નીચેના કાંડની ઊંચાઈ ૧૦૦૦ યોજન છે. મધ્યકાંડની ઊંચાઈ ૬૩૦૦૦ યોજન છે. ઉપરના કાંડની ઊંચાઈ ૩૬૦૦૦ યોજન છે.

મેરૂપર્વત ઉપર ચાર વન આવેલા છે. (૧) ભદ્રશાલવન (૨) નંદનવન (૩) સોમનસવન (૪) પંડગવન.

(૧) ભદ્રશાલવન : આ વન મેરૂપર્વતની પળેટીમાં સમભૂમિ ઉપર આવેલ છે. તે મેરૂપર્વતની ચારે બાજુ વીંટળાયેલ છે. મેરૂથી ઉત્તર અને દક્ષિણમાં ૨૫૦ યોજન પહોળું છે અને પૂર્વ–પશ્ચિમ ૨૨૦૦૦–૨૨૦૦૦ યોજન દીર્ઘ છે. આ ભદ્રશાલવન સૌમનસ, વિદ્યુત્પ્રભ, ગંધમાદન અને માલ્યવાન એ ચાર વક્ષસ્કાર પર્વતોથી તથા સીતા –સીતોદા મહાનદીઓથી આઠ ભાગમાં વિભક્ત થયેલ છે.

(૨) નંદન વન : મેરૂપર્વતની સમભૂમિથી ઉપર ૫૦૦ યોજન ચઢીએ અને સોમનસ વનથી ૬૨૫૦૦ યોજન નીચે ઉતરીએ ત્યારે નંદનવન આવે છે તે ૫૦૦ યોજન વિસ્તારવાળું છે. નંદનવનની બરાબર મધ્યમાં અભ્યંતર મેરુ છે અને તેનાથી ૫૦ યોજન દૂર દિશાકુમારીના ૮ કૂટ છે. તેના ઉપર ઉર્ધ્વલોકની ૮ દિશાકુમારીના ભવન છે. તે બધી દિશાકુમારીઓ ભવનપતિની કાયમી છે. નંદનવનની સમભૂમિથી ૫૦૦ યોજન ઉપર છે. અને તેના ઉપર જે કૂટ છે. તે ૫૦૦ યોજન ઊંચો છે અને તેના ઉપર દેવીનું ભવન છે. એટલે કુલ સમભૂમિથી ૧૦૦૦ યોજન ઉપર દેવી રહે છે. તેથી તેમાંના ૯૦૦ યોજન તિર્ચ્છાલોકમાં ગણાય. ઉપરના ૧૦૦ યોજન ઉર્ધ્વલોકનાં છે માટે તે દેવી ઉર્ધ્વલોકની ગણાય છે. અર્થાત્ ઉર્ધ્વલોકવાસી કહેવાય છે. તે ઉપરાંત નંદનવનમાં ચાર દિશામાં ચાર ચૈત્ય છે. અને વિદિશાઓમાં બે ઈશાનેન્દ્રના પ્રાસાદ છે. આ પ્રાસાદ અને ચૈત્ય ચારેય વનમાં છે.

(૩) સોમવન: નંદનવનથી ૬૨૫૦૦ યોજન ઉપર અને પંડગવનથી ૩૬૦૦ યોજન નીચે સોમનસ વન આવેલ છે. આ મેરૂપર્વતની બીજી મેખલા છે. તે વન ૫૦૦ યોજનની પ્રમાણ મેખલામાં ૫૦૦ યોજન પહોળું છે.

jainuniversity.org

(૪) પંડગવન : સોમવનસ વનથી ૩૬૦૦૦ યોજન ઉપર જતા પંડગવન આવે છે. તે ૪૯૪ યોજન ચક્રવાલ પહોળું છે. શિખર અને મેરૂપર્વતનો વિસ્તાર એક હજાર યોજન છે. અને ચૂલિકાના મૂળનો વિસ્તાર ૧૨ યોજન છે. અને ચૂલિકા પંડગવનની અતિ મધ્યભાગમાં છે. માટે ૧૦૦૦ યોજનમાંથી ૧૨ યોજન બાદ કરતા ૯૮૮ યોજન રહ્યા તેમાંનો એક અર્ધ ભાગ ૪૯૪ જોજન જેટલો પૂર્વતરફ અને બીજો ૪૯૪ યોજન જેટલો અર્ધભાગ પશ્ચિમ તરફ આવ્યો. જેથી મેરૂચૂલિકાના મૂળથી કોઈ પણ દિશાએ ૪૯૪ યોજન જેટલી પહોળાઈ વાળું પંડગવન છે. આ રીતે પંડગવન મેરૂચૂલિકાના મૂળથી ૪૯૪ યોજન જેટલું ચક્રવાળ જેટલું પહોળું છે. પંડગવનમાં શ્રી જિનેન્દ્રોના જન્માભિષેક કરવામાટેની ચાર શિલાઓ છે.

મેરૂની ચૂલિકાની પૂર્વદિશાએ પાંડુકંબલા-શ્વેત રંગની, પશ્ચિમ દિશાએ રક્તકંબલા - રક્ત રંગની, દશિક્ષદિશાએ અતિપાંડુકંબલા-અતિશ્વેતરંગની, ઉત્તર દિશાએ રક્તકંબલા - અતિરક્ત રંગની,

આ ઉપર બતાવેલ આ ચાર શિલા ઉપર તીર્થંકરોના જન્માભિષેક થાય છે. દક્ષિણ દિશાની શિલા ઉપરના દક્ષિણા મુખી સિંહાસન ઉપર ભરતક્ષેત્રમાં જન્મેલા જિનેશ્વરોનો, અને ઉત્તર દિશાની શિલા ઉપરના ઉત્તરાભિમુખી સિંહાસન ઉપર ઐરવત ક્ષેત્રમાં જન્મતા જિનેશ્વરોનો જન્માભિષેક થાય છે. પૂર્વ દિશાની શિલા ઉપરના બે સિંહાસનોમાં જે એક સિંહાસન-શિલા ઉત્તરદિશામાં છે તે ઉપર પૂર્વ મહાવિદેહ ક્ષેત્રની સીતા મહાનદીના ઉત્તર કિનારે આવેલી આઠ વિજયોમાં જન્મેલા જિનેશ્વરોનો જન્મ-અભિષેક થાય છે. એ પ્રમાણે પશ્ચિમ શિલા ઉપરનાં બે સિંહાસનોમાં પણ જે એક સિંહાસન શિલા ઉત્તર દિશામાં છે તે ઉપર પશ્ચિમ મહાવિદેહમાંની સીતોદા મહાનદીનાં ઉત્તર કિનારે આવેલી આઠ વિજયોમાં જન્મેલાં જિનેશ્વરોનો જન્માભિષેક થાય છે. અને દક્ષિણ તરફનાં સિંહાસન ઉપર સીતોદાના દક્ષિણ કિનારા પરની આઠ વિજયોમાં જન્મેલા જિનેશ્વરોનો જન્માભિષેક થાય છે.

જંબૂદ્વીપમાં સમયકાળે બે અને ચાર જિનેશ્વરોથી અધિક જિનેશ્વરોનો જન્મ થતો નથી ભરત અને ઐરવતમાં જ્યારે એક સમયે જિનેશ્વરનો જન્મ થાય ત્યારે જઘન્ય બે જિનેશ્વરનો જન્મ મહોત્સવ ઉજવાય અને મહાવિદેહક્ષેત્રમાં જ્યારે એક સાથે ચાર જિનેશ્વરનો જન્મ થાય ત્યારે ચાર જિનેશ્વરનો એક સાથે જન્મ મહોત્સવ ઉજવાય. જયારે મહાવિદેહક્ષેત્રમાં જિનેશ્વરનો જન્મ થાય ત્યારે ભરત-ઐરવતમાં ન થાય અને જયારે ભરત-ઐરવતમાં જિનેશ્વરનો જન્મ થાય ત્યારે મહાવિદેહમાં ન થાય કારણકે જિનેશ્વરોના જન્મ મધ્યરાત્રે થાય છે તેથી જ્યારે ભરત-ઐરવતમાં મધ્યરાત્રિ હોય ત્યારે મહાવિદેહ ક્ષેત્રમાં દિવસ હોય છે. અને મહાવિદેહ ક્ષેત્રમાં જ્યારે મધ્યરાત્રિ હોય ત્યારે ભરત-ઐરવતમાં દિવસ હોય એ રીતે કાળ વિપર્યય છે માટે જન્મ વિપર્યય પણ છે.

ચૂલિકાની સમજૂતી - મેરૂપર્વતના ચોથા પંડગવનની મધ્યમાં ૪૦ યોજનની ઊંચી, નીચે ૧૨ યોજનની, મધ્યમાં ૫ જોજનની અને અંતમાં ૪ યોજનની પહોળી વૈડૂર્ય (લીલા) રત્નમય એક ચૂલિકા છે. ચૂલિકા એટલે શિખર સમાન ઊંચી ટેકરી હોય છે. આ મેરૂપર્વતની ચારે બાજુ જ્યોતિષ ચક્ર ફરે છે. અર્થાત્ જ્યોતિષી દેવોના વિમાનો ફરે છે.